# મોડાસાના બોલુન્દરા ગામે રાજપૂત સમાજ દ્વારા નૂતનવર્ષ સ્નેહ મિલન સંમેલન યોજાયું

## સમાજના વિવિધક્ષેત્રોમાંથી સેવા નિવૃત્ત કર્મચારીઓ,તેજસ્વી તારલાઓનું પણ સન્માન કરાયું



મોડાસા તા.૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના બોલુંદ્રા ગામે રહેવર રાજપૂત સમાજના ઉપક્રમે પ્રથમ સ્નેહ સંમેલન યોજીને નિવૃત્ત બે કર્મચારીઓ,તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ અને તેજસ્વી તારલાઓનું સમાજ દ્વારા શાલ તેમજ મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

બોલુંદ્રા ગામે પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારના પ્રમુખ પદે યોજાયેલ આ સંમેલનમા શિક્ષક તરીકે ૩૫ વર્ષની દીર્ઘકાલીન યશસ્વી સેવાઓ આપી હિંમત હાઈસ્કૂલ નં.૧ માંથી નિવૃત્ત થયેલા દિગ્વીજયસિંહ કિશનસિંહ રહેવર(ઝીલુ બાપૂ) તેમજ એ.એસ.આઈ.તરીકેથી નિવૃત્ત જશવંતસિંહ રહેવર ઉપરાંત મોડાસા તાલુકા આચાર્ય સંઘના પ્રમુખપદે નિયુક્ત અનોપસિંહ રહેવરનું અને સમાજના તેજસ્વી તારલાઓ, સ્પોર્ટ સહિત વિવિધ શૈક્ષણિક ક્ષેત્રે ઝળહળતી ફતેહ પ્રાપ્ત કરનાર છાત્રોનું પણ સમારોહ પ્રમુખ ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી,સ્કાઉટ ગાઈડ સંઘના ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિત.જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ અને રાજપૂત સમાજના અગ્રણીઓએ શાલ અને મોમેન્ટોથી સન્માન કર્યુ હતું.નિવૃત્ત કર્મચારીઓની સેવાઓને બિરદાવી હતી.

આ પ્રસંગે ૮૫ વર્ષની આયુ વટાવી ચૂકેલા ગામના વડીલોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું અને સહુએ પરસ્પર નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.સંમેલનમાં સમાજના વડીલો,યુવાનો, મહિલાઓ સહિત સહુકોઈ મોટી સંખ્યામાંઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.સંમેલનનું સુંદર સંચાલન એવોર્ડ વિજેતા નિવૃત ફોરેસ્ટ ઓફિસર લક્ષ્મણસિંહ રહેવર અને મોડાસા હાઈસ્કૂલના શિક્ષક મહેન્દ્રસિંહ રહેવરે કર્યું હતું.

# ઉંઝા શહેરમાં બેસતા વર્ષે પણ તસ્કરોનું મુહૂર્ત

ઊંઝા, તા. ૪

ઊંઝા શહેરમાં નૂતન વર્ષના પ્રારંભે પણ તસ્કરોએ ચોરીઓનો સિલસિલો યથાવત જાળવી રાખતાં લોકોની ઉંઘ હરામ કરી દીધી છે. ગત ભાઈબીજના દિવસે અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે રહેતા શૈલેષભાઈ ધરમસિંહ પટેલ પોતાની મારૂતિ ફ્રન્ટી મોટરકાર લઈને ઊંઝા ઉમિયા માતાજીના દર્શનાર્થે આવ્યા હતા. જે કારની મોડી સાંજે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા.

જ્યારે બીજા કિસ્સામાં મુળ રાજસ્થાનના વતની અને હાલ ઊંઝામાં રહેતા મેઘારામ પૂનમાજી ચૌધરી દિવાળીના તહેવારોમાં વતન ગયા હતા ત્યારે ઊંઝા ખાતે માલ ગોડાઉન વિસ્તારમાં માનબાઈ માતાના મંદિર પાછળ આવેલ તેમની રામદેવ ટ્રેડીંગ કંપનીના ગોડાઉનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી કોઈ તસ્કરો ૬૦ કિલો વજનની જીરૂ ભરેલ બોરી નંગ-૪૯ તેમજ ૬૦ કિલો વજન ભરેલ વરિયાળીની ૫ નંગ બોરીઓની ચોરી કરી ગયા હતા. ચોરાયેલ જીરા અને વરિયાળીના માલોની કિંમત રૂપિયા ૪,૮૫,૦૦૦ થવા જાય છે.

ઉપરોક્ત બંને બનાવો અંગે ઊંઝા પોલીસે ચોરીઓના ગુના નોંધી વધુ તપાસ આરંભી છે. છેલ્લા ઘણા વખતથી પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે ઊંઝા વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધી જતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામીણ પરંપરા- ભારતીય સંસ્કૃતિ આજે ગામડાઓમાં અંકબંધ છે અને દિવાળી ના પર્વોમાં મશાલ ના પ્રતિકરૂપે પ્રકાશ પ્રસરાવવાની ગ્રામિણ પરંપરા સોનો સાથ સૌનો વિકાસ એ મંત્ર સાથે યથાવત છે.નાના બાળકો અને કિશોરો મશાલના સ્વરૂપે શેરડીના સાઠામાં માટીના કંપથી અને શ્રીફળની કાસલીથી બનાવેલી મશાલ જયોત બનાવી ધરે-ધરે થી તેલ પુરાવાની અર્થાત સહયોગ માગવાની એક અનોખી શૈલી નિર્માણ થઈ છે.કાગ માંગણીમાં તેલ પુરાવોના કાલાધેલા શબ્દો સાથે સૌનોસાથ લઈ પ્રકાશ પ્રસરાવવાનો આ અનોખો સંદેશ આપતી ગ્રામીણ સંસ્કૃતિના સીધાં દર્શન આજે પણ પ્રાંતિજ સહિત તાલુકાઓમાં ગ્રામિણ વિસ્તાર ની પરંપરાઓનું પ્રતિબિંબ પાડે છે.



## ખેડબ્રહ્માં નવકુંડી સહસ્ત્ર ચંડીયજ્ઞની તડામાર તૈયારીઓ

ખેડબ્રહ્માના સુપ્રસિદ્ધ અંબિકા મંદિરે જગતજનની જગદંબા માતાજીના સાનિધ્યમાં ‘‘પંચદિન સાધ્ય નવકુંડી સહસ્ત્ર ચંડીયજ્ઞ’’નું આયોજન કરવામાં આવનાર છે. આ યજ્ઞ દરમિયાન માતાજીના મંદિરના ગર્ભગૃહમાં સુવર્ણ શ્રીયંત્રોની વૈદિક વિધિ-વિધાન અનુસાર સ્થાપના કરાશે. આ ભવ્ય યજ્ઞ તા. ૮મી નવેમ્બરથી તા. ૧૩મી નવેમ્બર સુધી ચાલશે. જેમાં દર્શનનો લાભ લેવા ભાવિક શ્રદ્ધાળુઓને આહ્વાન કરાયું છે. હાલ તો આ યજ્ઞ માટે સાહી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.



ડીસા હાઈવે વિસ્તારમાં ટી.વી. પેટ્રોલ પંપ પાસે પુરઝડપે પસાર થતા એક ડમ્પરે ટક્કર મારતા મહિલાને ગંભીર ઈજા થવા પામી હતી. તેને તાબડતોબ ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

















